## વેકેશન જાહેરઃ આ વર્ષે પણ એપ્રિલથી સત્ર શરૂ કરવાના ઠરાવનો અમલ નહીં

# સ્કૂલોમાં ૩મેથી ૬ જુન સુધી ઉનાળુ વેકેશન શિક્ષકો-સ્ટાફને સ્કૂલે જવામાંથી મુક્તિ

અમદાવાદ,બુધવાર

સરકારે સ્કૂલો માટે ઉનાળુ વેકેશન જાહેર કરી દીધુ છે.જે મુજબ ગુજરાત બોર્ડ હેઠળની રાજ્યની પ્રાથમિકથી માંડી ઉચ્ચતર માધ્યમિક સુધીની તમામ સ્કૂલોમાં ૩ મેથી ૬ મે સુધી ઉનાળુ વેકેશન રહેશે.જ્યારે નવુ શૈક્ષણિક વર્ષ ૭ જુનથી ગણાશે.શિક્ષકો અને કર્મચારીઓને સ્કૂલે જવામાંથી મુક્તિ મળી છે.જો કે જે શિક્ષકો અને કર્મચારીઓને કોવિડની કામગીરી જે તે સ્થાનિક તંત્ર દ્વારા સોંપાઈ હશે તો તેઓને તંત્રની સૂચના મુજબ ફરજ પર હાજર થવાનું રહેશે.

કોરોનાને પગલે સરકારે તમામ કચેરીઓ,સંસ્થાઓ અને કંપનીઓમાં ૫૦ ટકા સ્ટાફ રાખવાનો આદેશ કર્યો હતો અને ગઈકાલથી તો આંશિક લોકડાઉન જાહેર કરી દેવાતા શૈક્ષણિક સંસ્થાઓ પણ હવે બંધ કરવામા આવનાર છે ત્યારે સ્કૂલોમાં શિક્ષકોને જવાનું કે નહી અને કામગીરી વગર શિક્ષકોને ફરજીયાત સ્કૂલે જવુ પડતા સંક્રમણના ભયની ફરિયાદો ઉઠી હતી.જેને લઈને ઉનાળુ વેકેશન જાહેર કરવાની પણ માંગ ઉઠી હતી ત્યારે સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આજે સ્કૂલો માટે ઉનાળુ વેકેશન જાહેર કરવામા આવ્યુ છે. જે

(અનુસંધાન પાંચમાં પાને)

### પ્રથમવાર બોર્ડ પરીક્ષાઓ વિના જ શૈક્ષણિક વર્ષ પૂરું થઈ જશે

કોરોનાને લીધે ગત વર્ષે પણ એકેડમિક કેલેન્ડર ખોરવાયુ હતુ અને સમયસર ઉનાળુ વેકેશન અને નવુ સત્ર શરૂ કરવાના અમલમાં મુશ્કેલી ઉભી થઈ હતી.પરંતુ ગત વર્ષે બોર્ડની પરીક્ષાઓ થઈ ચુકી હતી જેથી પરિણામો થોડા વિલંબથી પણ જાહેર કરી દેવાયા હતા પરંતુ આ વર્ષે તો બોર્ડની પરીક્ષાઓ જ બાકી છે ત્યારે પ્રથમવાર એવુ બનશે કે બોર્ડ પરીક્ષાઓ વગર જ શૈક્ષણિક વર્ષ પુરુ થઈ જશે.બોર્ડના ઈતિહાસમાં પ્રથમવાર એવુ બનશે કે બોર્ડની પરીક્ષાઓ વગર શૈક્ષણિક વર્ષ પુરુ કરવુ પડશે અને શિક્ષકો-કર્મચારીઓએ નવા શૈક્ષણિક વર્ષમાં અગાઉના શૈક્ષણિક વર્ષના ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષાથી માંડી પરિણામની કામગીરી કરવી પડશે.

## જુનના પ્રથમ સપ્તાહ બાદ નવું શૈક્ષણિક સત્ર શરૂ :કોવિડ કામગીરી સોંપાઈ હોય તેવા શિક્ષકો-કર્મચારીઓને તંત્રની સૂચના મુજબ હાજર થવાનું રહેશે